ગાંધીનગર સમાચાર

# કારમી હારની જવાબદારી રાહુલે સ્વીકારી



**કોંગ્રેસનો લોકસભા ચૂંટણી ઇતિહાસનો સૌથી કંગાળ દેખાવ : રાહુલ અને સોનિયા ગાંધી મિડિયા સમક્ષ ઉપસ્થિત થયા : હારના કારણોમાં મંથન કરવાની ખાતરી : કોંગ્રેસની વિરૂદ્ધમાં લોકોએ મત આપ્યાની કબૂલાત**

નવીદિલ્હી, તા. ૧૬

લોકસભાની ચૂંટણીમાં હજુ સુધીની સૌથી કારમી હાર થયા બાદ કોંગ્રેસે આખરે હાર સ્વીકારી લીધી હતી. ચૂંટણી પ્રવાહમાં ભાજપને બહુમતિ આપવામાં આવ્યા બાદ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને કોંગ્રેસ ઉપપ્રમુખ રાહુલ ગાંધી પત્રકારો સમક્ષ ઉપસ્થિત થયા હતા અને પક્ષની હારને સ્વીકારી હતી. લોકસભાની ચૂંટણીના ઈતિહાસમાં કોંગ્રેસની સૌથી કારમી હાર થઈ હતી. અગાઉ કોંગ્રેસને ૧૯૯૯માં ૧૧૪ બેઠક મળી હતી પરંતુ આ વખતે આના કરતા પણ વધુ ખરાબ દેખાવ રહ્યો છે. રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, બિહાર, ઉત્તરપ્રદેશ સહિતના રાજ્યોમાં કોંગ્રેસના સુપડા સાફ થયા બાદ રાહુલ ગાંધી અને સોનિયા ગાંધી પત્રકારો સમક્ષ ઉપસ્થિત રહ્યા હતા અને પોતાની પાર્ટીની હાર સ્વીકારી લીધી હતી. સોનિયા ગાંધીએ ચૂંટણી પરિણામની વાત કરતા કહ્યું હતું કે, દેશના લોકોએ કોંગ્રેસ પાર્ટીની વિરુદ્ધમાં મતદાન કર્યું છે. અમારી વિરુદ્ધમાં મતદાન થયું છે. અમે હારને સ્વીકાર કરીએ છીએ. લોકોના વિકાસ અને અન્ય કોઈપણ મોરચે બાંધછોડ ન કરવા સોનિયા ગાંધીએ વાત કરી હતી. સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, પાર્ટીએ લોકો માટે કામ કર્યું હતું પરંતુ લોકોએ ભાજપને સમર્થન આપ્યું છે. બીજી બાજુ રાહુલ ગાંધીએ પણ કોંગ્રેસ તરફથી હારની પક્ષના ઉપપ્રમુખ તરીકેની જવાબદારી સ્વીકારી હતી. સોનિયા ગાંધીએ હારની જવાબદારી લીધી હતી.

રાહુલ ગાંધીએ નરેન્દ્ર મોદીને જીત માટે અભિનંદન અને શુભેચ્છા પણ આપી હતી. કોંગ્રેસે ખુબ જ કંગાળ દેખાવ કર્યો છે અને યુપીએને ૧૦૦ કરતા પણ ઓછી બેઠકો મળતા કોંગ્રેસની છાવણીમાં હતાશાનું મોજુ ફરી વળ્યું હતું. કોંગ્રેસમાં અંદરખાને રાહુલ ગાંધીની લીડરશીપને લઈને પ્રશ્ન ઉભા થયા હતા. કોંગ્રેસના કેટલાક કાર્યકરોએ કહ્યું હતું કે, રાહુલ ગાંધીએ ખુબ મહેનત કરી છે પરંતુ હવે રાહુલ ગાંધીની મદદ કરવા માટે પ્રિયંકાએ પણ મેદાનમાં ઉતરવું જોઈએ.

## મોદીના નેતૃત્વમાં ભારતના નિર્માણનું સ્વપ્ન પૂર્ણ કરીશું

**પરિવર્તન માટે જનાદેશ મળ્યો : ૧૯૮૪ બાદ પ્રથમ વખત જ કોઈ પાર્ટીને સ્પષ્ટ બહુમતિ  દેશના સર્વાંગી વિકાસ માટે પ્રયાસ કરાશે : રાજનાથસિંહ**

નવીદિલ્હી, તા. ૧૬

લોકસભાની ચૂંટણીમાં ભાજપ સફળતા હાથ લાગી છે. પરિવર્તન માટે જનાદેશ મળ્યો છે. આ જનાદેશ લોકોએ પસંદ કરી છે. હવે ભાજપની સકસેસ સ્ટોરીને નવેસરથી લખવાનો



અને એનડીએના શાનદાર દેખાવ બાદ ભાજપના પ્રમુખ રાજનાથસિંહે પત્રકારો સાથે વાતચીત કરી હતી અને કહ્યું હતું કે, મોદીએ ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીને સ્વપ્નને વાસ્તવિકતામાં ફેરવી નાંખ્યું છે. પક્ષપ્રમુખ તરીકે ખુબ ખુશ હોવાની કબૂલાત કરતા રાજનાથસિંહે કહ્યું હતું કે, દેશના લોકોએ અમને ખુબ મોટી જવાબદારી આપી છે જેથી તમામની જવાબાદારી પણ વધી ગઈ છે. ૧૯૮૪ બાદ પ્રથમ વખત દેશના કોઈ રાજકીય પક્ષને સ્પષ્ટ બહુમતિ મળી છે. સ્વતંત્ર ભારતમાં ભાજપ એકમાત્ર એવી પાર્ટી છે જેને કોંગ્રેસ કરતા મોટી સફળતા હાથ લાગી છે. જાતિ, ધર્મ, ભાષા, વર્ગ અને ક્ષેત્રમાંથી ઉપર ઉઠીને ભાજપને નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા, પ્રમાણિકતા અને ક્ષમતા પ્રત્યે જનાદેશ છે. મોદીએ અભૂતપૂર્વ મહેનત કરી હતી. પાર્ટીના તમામ નેતાઓએ મહેનત કરી હતી પરંતુ મોદીની સૌથી વધારે મહેનત હતી. સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં અન્ય કોઈપણ નેતાએ આટલા ઓછા સમયમાં રેલી સંબોધન કરી નથી. આજે ભારતમાં નવા યુગની શરૂઆત થઈ છે. વાજપેયી કહેતા હતા કે, અંધેરા છટેગા, સુરજ નિકલેગા, કમલ ખિલેગા આજે વાજપેયી આ બાબત સાચી થઈ રહી છે. વિરોધ પક્ષોએ એજન્ડાને દૂર કરવાના પ્રયાસ કર્યા હતા પરંતુ અમે હકારાત્મક વલણ ઉપર રહ્યા હતા. નરેન્દ્ર મોદીની ડાઈનેમિક લીડરશીપને સમય આવી ગયો છે. વિજય માટે પોલિંગ બૂથ ઉપર કામ કરનાર તમામ લોકોનો અમે આભાર માનીએ છીએ. તમામ રાજકીય પક્ષો જે અમારી સાથે તેમનો પણ આભાર માનીએ છીએ. પહેલા કહેવામાં આવતું હતું કે ભાજપ શહેરોની પાર્ટી છે પરંતુ હવે ભાજપ ગામોની પણ પાર્ટી બની ચુકી છે. ગરીબો, ઝુંપડપટ્ટી, ખેડૂતોની પાર્ટી બની ચુકી છે. ભાજપને દલિત અને આદિવાસીઓનો પણ ટેકો મળ્યો છે. યુવા પેઢીનું સમર્થન મળ્યું છે. આ એક ઐતિહાસિક જીત છે. કોઈપણ ઉશ્કેરણીજનક શબ્દનો ઉપયોગ ન કરવા રાજનાથસિંહે તમામને અપીલ કરી હતી. અમે સમાજના વર્ગોનો વિકાસ કરીશું.

## મોદી આજે દિલ્હી-વારાણસી જશે

**વારાણસી જઈને મોદી મતદારોનો આભાર વ્યક્ત કરશે અને ગંગા આરતી કરશે : વારાણસી ખાતે ઉજવણી જારી : ૨૫ હજારથી વધુ કાર્યકરો સ્વાગત કરશે**

અમદાવાદ, તા.૧૬

લોકસભાની ચૂંટણીમાં ભાજપ-એનડીએના ઐતિહાસિક વિજય બાદ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની હવે તા. ૨૧મી મેના રોજ દેશના આગામી વડાપ્રધાન પદ તરીકે તાજપોશીની કાર્યયોજના તૈયાર કરવા તથા ગુજરાતમાં નવા મુખ્યમંત્રી તરીકે તેમના અનુગામી પસંદગી માટે નિર્ણય લેવા આવતીકાલે તા. ૧૭મી મેના રોજ નવી દિલ્હી ખાતે મળનારી ભાજપની કેન્દ્રિય પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં નરેન્દ્ર મોદી ભાગ લેશે. નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે દિલ્હી જશે અને ત્યાંથી તેઓ વારાણસી મતવિસ્તારમાં મતદારોનો આભાર વ્યક્ત કરવા જશે જ્યાં તેઓ ગંગા આરતી પણ કરશે તેમ ભાજપના સુત્રોએ જણાવ્યું હતું.

નરેન્દ્ર મોદી દેશના આગામી વડાપ્રધાન બની રહ્યા હોવાથી આવતીકાલે નવી દિલ્હી હવાઈ મથકે ભાજપના ૨૫ હજારથી વધુ કાર્યકરો તેમનું શાનદાર સ્વાગત કરશે. અને દિલ્હી હવાઈ મથકેથી ભાજપના કાર્યાલય સુધી નરેન્દ્ર મોદી રેલી યોજાશે જ્યાં જનતા પણ તેમનું અભિવાદન કરશે. ભાજપ કાર્યાલય ખાતે મળનારી કેન્દ્રિય પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં ભાજપના આગેવાનો પણ નરેન્દ્ર મોદીનું અભિવાદન કરવામાં આવશે. તેમજ તેમના વડાપ્રધાન બનતા ગુજરાતની ગાદી પર કોણે બેસાડવા તે અંગે પણ નિર્ણય લેવાશે જો કે ગુજરાતના મુખ્યમંત્રી પદે છેલ્લી ઘડીએ કોઈ અણધાર્યા ફેરફાર નહીં થાય તો રાજ્યના મહેસુલ મંત્રી આનંદીબેન પટેલનું નામ લગભગ નિશ્ચિત માનવામાં આવી રહ્યું છે.

આ ઉપરાંત દેશના વડાપ્રધાન પદે નરેન્દ્ર મોદીની તા. ૨૧મી મેના રોજ તાજપોશી થવાની શક્યતા વચ્ચે આ અંગેની કાર્યયોજના પણ ભાજપની બેઠકમાં તૈયાર કરવામાં આવશે જેમાં દેશ-વિદેશના મહાનુભાવોને પણ શપથ વિધી સમારોહમાં હાજર રહેવા આમંત્રણ આપવાની પણ ચર્ચા હાથ ધરાશે. એટલું જ નહીં પરંતુ પ્રથમ તબક્કે લગભગ ૨૦ થી ૨૨ પ્રધાનોની બનનારી નરેન્દ્ર મોદીની કેબિનેટમાં કયા-કયા આગેવાનોનો સમાવેશ કરવો તે અંગે પણ મહત્વની ચર્ચા-વિચારણા હાથ ધરવામાં આવશે. જેમાં શરૂઆતથી ભાજપની સાથે રહેલા સાથી પક્ષોનો પણ સમાવેશ કરવામાં આવશે તેમ ભાજપના સુત્રોએ જણાવ્યું હતું.

## શેરબજાર દ્વારા ભાજપની જીતનું જોરદાર સ્વાગત

**૨૫૩૭૬ સુધી પહોંચ્યા બાદ અંતે ૨૧૬ પોઇન્ટનો નોંધપાત્ર ઉછાળો : ઇન્ટ્રા ડે દરમિયાન સેંસેક્સમાં ૧૩૦૦થી પણ વધુ પોઇન્ટનો ઉછાળો નોંધાયા બાદ અંતે ઓછો ઉછાળો નોંધાયો : કુલ માર્કેટ ટર્નઓવર ૪.૮૩ લાખ કરોડ**

મુંબઈ, તા. ૧૬

શેરબજારમાં ચૂંટણી પરિણામના દિવસે આજે તેજીનું મોજુ ફરી વળ્યું હતું. ઈન્ટ્રા ડે દરમિયાન સેંસેક્સે એક વખતે ૨૫૩૭૬ની સપાટી હાંસલ કરી લીધી હતી જ્યારે ઈન્ટ્રા ડે દરમિયાન નિફ્ટીએ ૭૫૬૩ની સપાટી હાંસલ કરી લીધી હતી. કારોબારના અંતે સેંસેક્સ ૨૧૬ પોઈન્ટ સુધરીને ૨૪૧૨૨ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૭૫ પોઈન્ટ સુધરીને ૭૧૯૮ની સપાટીએ રહ્યો હતો. ઈન્ડિયા વીઆઈએક્સમાં ૩૪ ટકાનો ઘટાડો થયો હતો. વોલાટિલીટી ત્યારબાદ વધી હતી. બીએસઈ સેંસેક્સ ૨૮૦૦૦ની સપાટી ટૂંકમાં હાસલ કરી લે તેવી શક્યતા દેખાઈ રહી છે. મુંબઈ સ્ટોક એક્સચેંજમાં ઈન્ટ્રા ડે દરમિયાન કારોબાર ૮૨૦૨૯૦૭ કરોડ સુધી પહોંચ્યો હતો. કુલ માર્કેટ ટર્નઓવરનો આંકડો ૪.૮૩ લાખ કરોડ સુધી રહ્યો હતો જે હજુ સુધીનો ત્રીજો સૌથી મોટો ટર્નઓવરનો આંકડો છે. એશિયન બજારમાં આજે મંદી રહી હતી. શાંઘાઈ કમ્પોઝિટમાં ૦.૩ ટકાનો ઘટાડો અને હેંગસેંગમાં ૦.૩ ટકાનો ઘટાડો રહ્યો હતો. આજે શેરબજારમાં ઈન્ટ્રા ડે દરમિયાન જે શેરમાં નવી ઉંચી સપાટી જોવા મળી હતી તેમાં આઈસીઆઈસીઆઈ બેંક, ઓઈલ એન્ડ ગેસ, આઈટીસી, તાતા મોટર્સ, એચડીએફસી બેંક, એચડીએફસી, એક્સિસ બેંક, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને મારુતિ સુઝુકીમાં ઉછાળો નોંધાયો હતો. ઈન્ડેક્સ હેવી વેઈટ રિલાયન્સમાં ૨.૯ ટકાનો ઉછાળો રહ્યો હતો. એનટીપીસીમાં બે ટકાનો ઉછાળો રહ્યો હતો. ફાર્માના શેરમાં ડો. રેડ્ડીના શેરમાં ૨.૯ ટકાનો ઘટાડો રહ્યો હતો. જ્યારે સન ફાર્મામાં ૧.૪ ટકાનો ઘટાડો નોંધાયો હતો. અત્રે નોંધનીય છે કે, લોકસભાની ચૂંટણીના પરિણામ આજે સવારે આવવાની શરૂઆત થયા બાદ શેરબજારમાં જોરદાર તેજીનુ મોજુ ફરી વળ્યું હતું. શરૂઆતી કારોબારમાં જ સેન્સેક્સમાં ૧૪૦૦ પોઈન્ટનો રેકોર્ડ ઉછાળો નોંધાયો હતો. નરેન્દ્ર મોદીની પ્રચંડ લહેરની જોરદાર અસર શેરબજાર પર જોવા મળી હતી. શરૂઆતી કારોબારમાં જ સેન્સેક્સ ૧૪૦૦ પોઈન્ટ ઉછળીને ખુલ્યો હતો. એક્ઝિટ પોલના તારણોને લઈને નવી આશા જામેલી હતી. એશિયન બજારમાં મિશ્ર પ્રવાહ જોવા મળ્યો હતો. આજે સવારે પણ આવી જ સ્થિતી રહી હતી. તાજેતરના સમયમાં શેરબજારમાં જોરદાર ઉછાળો નોંધાયો હતો. છેલ્લા ચાર કારોબારી સેશનમાં તીવ્ર ઉછાળો નોંધાયા બાદ ગઈકાલે ઘટાડો જોવા મળ્યો હતો. છેલ્લા ચાર કારોબારી સેશનમાં સેન્સેક્સમાં ૧૫૪૭ પોઈન્ટનો મોટો ઉછાળો નોંધાયો હતો. સેન્સેક્સ દરરોજ નવી ઐતિહાસિક ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૨.૫ ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૧.૫ ટકાનો ઉછાળો નોંધાયો હતો.

## કયા પક્ષોના કયા દિગ્ગજો ચૂંટણી હાર્યા

ગાંધીનગર, તા. ૧૬

આજે લોકસભા ચૂંટણીના જાહેર થયેલા ચૂંટણી પરીણામોમાં કયા કયા રાજકીય પક્ષોના દિગ્ગજ નેતાઓ હાર્યા તેની વિગતો આ પ્રમાણે છે.

ચૂંટણી હારેલા દિગ્ગજ નેતાઓના નામ

**● કોંગ્રેસ**

- વિદેશ મંત્રી સલામન ખુરશીદ
- લોકસભાના અધ્યક્ષ શ્રીમતી મીરાકુમાર
- કેન્દ્રીય કાયદામંત્રી કપીલ સીબ્બલ
- કેન્દ્રીય મંત્રી ગુલામનબી આઝાદ
- કેન્દ્રીયમંત્રી સચિન પાયલોટ
- કેન્દ્રીયમંત્રી સુશીલકુમાર શીંદે
- મીલીન્દ દેવરા
- સાંસદ સંદીપ દીક્ષીત
- કેન્દ્રીયમંત્રી દિનશા પટેલ
- કેન્દ્રીયમંત્રી ભરતસિંહ સોલંકી
- કેન્દ્રીયમંત્રી તુષાર ચૌધરી
- સી.પી. જોષી
- રાજબબ્બર
- સાંસદ નવીન ઝીંદાલ
- ગુજરાત કોંગ્રેસના વિપક્ષીનેતા શંકરસિંહ
- પવન બંસલ
- અંબિકા સોની
- પ્રિયા દત્ત
- અજય માકન

**● એન.સી.પી.**

- કેન્દ્રીય મંત્રી પ્રફુલ પટેલ
- છગન ભૂજબલ

**● આપ**

- અરવિંદ કેજરીવાલ
- યોગેન્દ્ર યાદવ
- શાઝિયા ઈલ્મી
- આસુતોષ ગુપ્તા
- મેઘા પાટકર
- મીરા સન્યાલ
- બાલાસુબ્રમણ્યમ
- આશિષ ખેતાન

**ભાજપ**

- અરૂણ જેટલી
- સ્મૃતિ ઈરાની

## હિન્દી ભાષી રાજ્યોમાં મોદી મેજીક ચાલ્યો

**ઉત્તરપ્રદેશ, બિહાર, દિલ્હી, રાજસ્થાન અને ગુજરાત જેવા રાજ્યોમાં મોદી છવાયા : ભાષાની પરિણામ ઉપર અસર**

નવીદિલ્હી, તા.૧૬

નરેન્દ્ર મોદીના જાદુના કારણે દેશના હિન્દી પટ્ટામાં કોંગ્રેસના સુપડા સાફ થયા છે. નરેન્દ્ર મોદીના હિન્દી ભાષા ઉપર પ્રભુત્વ અને ખુબ જ શાનદાર હિન્દી ભાષાની શૈલીના કારણે હિન્દી પટ્ટામાં ભાજપને સૌથી રેકોર્ડ સફળતા મળી છે. મોદીએ પ્રચાર દરમિયાન હિન્દી ભાષામાં ઝંઝાવતી નિવેદન કર્યા હતા. મોદીના ભાષણને જે લોકો સમજી શક્યા છે તે લોકો મોદી પર ફિદા થઈ ગયા હતા. મોદીના હિન્દી પર પ્રભુત્વના કારણે હિન્દી પટ્ટા મોદીમય બની ગયા હતા જ્યારે દક્ષિણ ભારતમાં મોદી પ્રચાર માટે પહોંચ્યા હતા પરંતુ હિન્દી ભાષાને અહીં ખુબ ઓછા લોકો સમજી શક્યા હતા જેના લીધે અહીં દેખાવ નબળો રહ્યો હતો. જો કે સમગ્ર દેશમાં મોદી લહેર અકબંધ રહી હતી. પરંતુ જાણકાર લોકોએ કહ્યું હતું કે, મોટા ભાગના હિન્દી પટ્ટામાં મોદી છવાઈ ગયા હતા. હિન્દી પટ્ટા મોદીમય બનવા માટે તેમના આક્રમક હિન્દી ભાષણો જવાબદાર રહ્યા છે. આજ કારણસર ભાજપ માટે લોકોએ મતદાન કરીને નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા ઉપર મંજુરીની મહોર મારી હતી. લોકો કુશાસનમાંથી દેશને મુક્ત કરવા ઈચ્છુક હતા અને તેમની ઈચ્છા પુરી થઈ છે. હિન્દી પટ્ટાવાળા રાજ્યોમાં ઉત્તરપ્રદેશનો સમાવેશ થાય છે. ઉત્તરપ્રદેશમાં ભાજપે હજુ સુધીનો સૌથી શાનદાર દેખાવ કર્યો છે. અહીં ભાજપે ૮૦ બેઠકો પૈકીની મોટાભાગની બેઠકો જીતીને સપાટો બોલાવ્યો છે. બહુજન સમાજ પાર્ટીને એક પણ બેઠક મળી નથી. મોદીએ પ્રચાર દરમિયાન જે વાત કરી હતી તે સંપૂર્ણપણે સાચી સાબિત થઈ છે. હિન્દી ભાષા ઉપર પકડના કારણે લોકો મોદીથી પ્રભાવિત થયા હતા સાથે સાથે તેમની વિકાસની બાબતથી પ્રભાવિત થયા હતા. તેમના આક્રમક અંદાજથી લોકો પ્રભાવિત થયા હતા.

## મોદીની જીત : અમેરિકામાં ૩ દિવસ દિવાળી મનાવાશે

**વિશ્વના નેતાઓ દ્વારા મોદીને અભિનંદન પાઠવ્યા : પાક, શ્રીલંકા આવવાનું આમંત્રણ : અભિનંદનનો વરસાદ જારી**

નવીદિલ્હી, તા.૧૬

નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપે ઐતિહાસિક જીત મેળવ્યા બાદ અમેરિકામાં રહેતા નરેન્દ્ર મોદીના સમર્થકોએ ઉજવણી કરી છે. અમેરિકામાં મોદીના સમર્થકોએ ત્રણ દિવસ દિવાળી ઉજવવાની જાહેરાત કરી છે. મોદીના સમર્થકોએ આજે ત્રણ દિવસ માટે જશ્ન મનાવવાની અપીલ કરી છે. આ ગાળા દરમિયાન તેઓ પોતાના ઘર, સામૂદાયિક કેન્દ્રો, મંદિરોમાં દિપ પ્રગટાવીને ઉજવણી કરશે. ભાજપના પ્રવાસી વિભાગના વડા ચંદ્રકાંત પટેલે માહિતી આપતા કહ્યું છે કે, ભારત માટે આ ઐતિહાસિક ક્ષણ છે. તમામ બિનનિવાસી ભારતીયોને ૧૬, ૧૭ અને ૧૮ના દિવસે ઘરમાં દિપ પ્રગટાવીને જીતની ખુશી મનાવવા અપીલ કરી છે. અમારા માટે આ દિવાળી જેવી ઉજવણી છે. પટેલે ભાજપના ૧૦૦૦થી પણ વધારે સમર્થકોની એ વખતે આગેવાની કરી હતી જ્યારે ભારતના જુદા જુદા ક્ષેત્રોમાં ભાજપ અને તેમના ઉમેદવારની તરફેણમાં પ્રચાર કરવા માટે આ લોકો ભારત આવ્યા હતા. તેમણે કહ્યું હતું કે, સુશાસનની તરફેણમાં અને ભ્રષ્ટાચારની વિરુદ્ધમાં લોકોએ મત આપ્યા છે.

વડાપ્રધાન તરીકે મોદીના નેતૃત્વવાળી સરકાર તમામ લોકોની અપેક્ષાઓને પૂર્ણ કરશે. મોદી સમર્થકોએ ન્યુયોર્ક, ન્યુજર્સી, શિકાગો, હોસ્ટન, ડલ્લાસ, લોસ એન્જલસ, શાન ફ્રાન્સસિસ્કો સહિત બે ડઝનથી વધુ શહેરોમાં ચૂંટણી નિરીક્ષણ પાર્ટીઓનું આયોજન કર્યું છે. વિશ્વના દેશોના નેતાઓ મોદીને ભાજપની જીત ઉપર અભિનંદન આપે છે. પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફે મોદીને ફોન કરીને તેમને અભિનંદન આપ્યા છે. સાથે સાથે પાકિસ્તાનનું આમંત્રણ આપ્યું છે. શ્રીલંકન પ્રમુખ રાજાપક્ષેએ પણ મોદીને ફોન કરીને અભિનંદન આપ્યા છે અને શ્રીલંકાનું આમંત્રણ આપ્યું છે.



ભાજપની શાનદાર જીત બાદ નરેન્દ્ર મોદી ભાજપના નવા કાર્યાલય કમલમ ખાતે પણ પહોંચ્યા હતા. સમર્થકો પણ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.